એવોર્ડ નં. CA/A/003/09 તારીખ 25-5-09

મોજે ત્રાજ તાલુકા માતર જી. ખેડા

# બાંહેધરી ખત

સદર નિવેદન મોજે ત્રાજ તાલુકો માતર જીલ્લો ખેડા ના સર્વે નં./બ્લોક નં. ૪૭ ની જમીન પૈકી હે. ૦-૨૪-૬૦ જેટલી જમીનમાં ભારત ઓમાન રીફાઈનરીઝ લી.ની પાઈપલાઈન નાખવા સારૂ સદરહુ રીફાઈનરીઝની તરફેણમાં કેન્દ્ર સરકાર દ્વારા વપરાશી હક્ક સંપાદીત થયેલા છે. સદરહુ જમીન ઉપરના ઉભા પાક, ઝાડ, બાંધકામની નુકશાની વળતર અંગે સક્ષમ અધિકારીશ્રી ભારત ઓમાન રીફાઈનરીઝ લી. ધ્વારા એવોર્ડ નં. CA/A/003/09 તા. 25-5-09 થી જાહેર થયેલ છે. સદરહુ એવોર્ડ મુજબ વળતરની રકમ મેળવવા સારું સદરહુ જમીનના એવોર્ડ મુજબના કબજેદારો (નીચે દર્શાવેલ યાદીમાં આસન ૪ મુજબનાં) હક્કદાર છે. આ તમામ હક્કદારો વતી હું નીચે સહી કરનાર જગદીશભાઈ પ્રભુદાસ પટેલ રહે. ત્રાજ તા. માતર જી. ખેડા ઉપરોક્ત એવોર્ડ મુજબ વળતરની રકમ સ્વીકારવા હાજર થયેલ છું., અને વળતર ચુકવવા આપને વિનંતી કરું છું. આ બાંહેધરી ખતના આધારે સદરહુ એવોર્ડ મુજબ મને સદરહુ જમીનના ઉપરના ઉભા પાક, ઝાડ, બાંધકામની નુકશાની વળતરની રકમ રૂા. ૧૦૫૮૩/- અંકે રૂપિયા દશ હજાર પાંચસો ત્ર્યાસી પુરા આજ રોજ ચુકવવામાં આવેલ છે. જે મને મળેલ છે. ભવિષ્યમાં કોઈપણ તકરાર ઉભી થશે તો તે અંગેની તમામ જવાબદારી મારી રહેશે અને લીધેલ વળતરની રકમ વ્યાજ સહિતની રકમ ભરપાઈ કરવા આથી બાંહેધરી આપું છું.

| સર્વે નંબર/ બ્લોક નંબર | જમીનનું કુલ ક્ષેત્રફળ હેક્ટર આરે ચો.મીટર | વપરાશી હક્ક હેઠળનું ક્ષેત્રફળ હેક્ટર આરે ચો. મીટર | સરકારી રેકર્ડ મુજબ જમીનના કબજેદારનું નામ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૪૭ | | ૦-૨૪-૬૦ | જગદીશભાઈ પ્રભુદાસ પટેલ<br>રચનાબેન " પટેલ<br>ચંદ્રવદન " પટેલ |

આ બાંહેધરી ખત આધારે સદરહુ વળતરની રકમ મને મળેલ છે, તે સામે ભવિષ્યમાં ઉપરોક્ત-આસન-૪ માંની કોઈ વ્યક્તિ વાંધો ઉઠાવશે અથવા આ વળતર અંગે ફરીથી પોતાનો દાવો રજુ કરશે, તો આ રકમ હું/અમો પરત આપવા બંધાઈએ છીએ, અને જો આ રકમ પરત ના આપીએ તો આપ આ રકમ જમીન મહેસૂલીની રાહે વસૂલાત કરવા હક્કદાર રહેશો, તેવી મારી/અમારી બાંહેધરી સહ સંમતિ છે.

ઉપરોક્ત હકીકત વાંચી/વંચાવી જાણી સમજી સહી યા અંગૂઠાનું નિશાન કરેલ છે, જે મને/અમોને તેમજ અમારા વાલી વારસોને કબુલ મંજુર તેમજ બંધનકર્તા છે.

સ્થળ: ત્રાણજા ........ પુરોહિત જગદીશચંદ્ર મંગુદાસ ........

તારીખ : ૧૩/૧૦/૦૬ ........

ઉપરોક્ત બાંહેધરી ખત લખી આપનાર ઈસમે અમારી સાક્ષીમાં ખતમાં જણાવેલ તમામ કબજેદારો વતી વળતરની રકમ સ્વીકારેલ છે અને ભવિષ્યમાં ખતમાના પ્રશ્નવાળી જમીનનાં કબજેદારો પૈકી કોઈ ઈસમ વાંધો/દાદ ફરીયાદ/દાવો રજુ કરશે તો તેઓએ લીધેલી રકમની જવાબદારી ખત લખી આપનારની છે તેવી જ રીતે અમારી છે અને તે રકમ પાછી ભરવા/ભરાવવા અમો જવાબદારી સ્વીકારીએ છીએ અને તેઓ આ રકમ પરત ન ચુકવે તો આ રકમ પરત ભરવા અમો બંધાઈએ છીએ અને અમો પણ ન ભરીએ તો જમીન મહેસુલની રાહે સદરહુ રકમની વસુલાત અમારી પાસેથી કરવા આપ હક્કદાર રહેશો. આ હકીકતથી વાકેફ થઈ, આ વિગત વાંચી/વંચાવી અમોએ નીચે સહી/અંગુઠાનું નીશાન કરેલ છે, જે અમોને તથા અમારા વાલી વારસોને બંધનકર્તા રહેશે.

| <u>ગામ આગેવાનના નામ/રહેવાસી</u> | <u>સહી/અંગૂઠાનું નિશાન</u> |
|---|---|
| (૧) ગોવિંદભાઈ ખોડાભાઈ ભાઈ | ગોવિંદભાઈ ખોડાભાઈ ભાઈ |
| (૨) મિતમભાઈ મોહનભાઈ ભાઈ | મોહ. [illegible] મોહનભાઈ |

સ્થળ : ત્રાણજા ........

તારીખ : ૧૩/૧૦/૦૬ ........

ઉપરોક્ત ત્રણેય આસામીને હું ઓળખું છું અને સહી કરનાર ખરેખર તે નામ લખાયેલ વ્યક્તિઓજ છે.

સરપંચ શ્રી
તલાટી/મંત્રી
ગ્રામ પંચાયત ઓફીસ
મું. ત્રાણજા તા. માતર જી. ખેડા

મોજે ........ તાલુકા ........

રૂબરૂ

સક્ષમ અધિકારીની કચેરી
ભારત ઓમાન રીફાઈનરીઝ લી.
અમદાવાદ/રાજકોટ/ગોધરા/થામણા